# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## તા. 10/06/2013ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વર્ષ : 2013ની વિદ્યાસભાની **દ્વિતીય બેઠક** કુલનાયક ડૉ. સુદર્શન આયંગારના અધ્યક્ષસ્થાને તા. 10-06-2013ના રોજ સવારના 9-30 વાગ્યે મુખ્ય કાર્યાલયના સમિતિ ખંડમાં મળી હતી. આ બેઠકમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. સુદર્શન આયંગાર | : | કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 2. | ડૉ. ગોવિંદભાઈ રાવલ | : | ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 3. | પ્રો. કનુભાઈ નાયક | : | આચાર્ય, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 4. | ડૉ. જયપ્રકાશ પંડ્યા | : | કા. આચાર્યશ્રી, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ |
| 5. | ડૉ. જમનાદાસ સાવલિયા | : | સંયોજક, મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા. |
| 6. | ડૉ. પ્રદીપભાઈ આચાર્ય | : | ઇન્ચાર્જશ્રી, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 7. | ડૉ. રાજીવભાઈ પટેલ | : | ઇન્ચાર્જ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા<br>કા. સંયોજક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા |
| 8. | ડૉ. કનૈયાલાલ નાયક | : | સંયોજકશ્રી, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 9. | ડૉ. મહેબૂબ દેસાઈ | : | અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ |
| 10. | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | : | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ. |
| 11. | ડૉ. પુષ્પાબહેન મોતિયાની | : | કા.અધ્યક્ષશ્રી, ગાંધીદર્શન / શાંતિસંશોધન કેન્દ્ર, ગૂ. વિ., અમદાવાદ. |
| 12. | શ્રી ભારતીબહેન દેસાઈ | : | કાર્યકારી અધ્યક્ષશ્રી, ગૂ. વિ. ગ્રંથાલય, અમદાવાદ. |
| 13. | ડૉ. આનંદીબહેન પટેલ | : | કાર્યકારી અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 14. | ડૉ. નિમિષાબહેન શુક્લ | : | અધ્યક્ષશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 15. | ડૉ. જશવંતભાઈ પંડ્યા | : | અધ્યક્ષશ્રી, હિન્દી વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 16. | ડૉ. ભરતભાઈ જોશી | : | પ્રાધ્યાપકશ્રી, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ |
| 17. | ડૉ. વિનોદભાઈ પાંડેય | : | અધ્યક્ષશ્રી, પત્રકારત્વ વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 18. | ડૉ. હરિભાઈ પટેલ | : | સંયોજકશ્રી, અભ્યાસક્રમ વિકાસ એકમ, ગૂ.વિ., અમદાવાદ. |
| 19. | ડૉ. રાજેન્દ્ર જોષી | : | મદદનીશ પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 20. | ડૉ. છનાભાઈ ભીંસરા | : | મદદનીશ પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ. |
| 21. | ડૉ. કે. કે. ખખ્ખર | : | સભ્ય, અર્થશાસ્ત્ર વિભાગ, સૌ. યુનિ., રાજકોટ. |
| 22. | ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની | : | સભ્ય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| 23. | ડૉ. રાજેન્દ્ર ખીમાણી | : | કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

ઉપરોક્ત બેઠકમાં (1) ડૉ. રંજના હરીશ (સભ્ય, આંબાવાડી, અમદાવાદ) હાજર રહ્યા ન હતા, અગાઉથી તેમણે હાજર ન રહેવા અંગે જાણ કરી હતી. (2) ડૉ. મહેશભાઈ ગામીત (કા. અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ) વિદ્યાસભાની બેઠકની જાણ કરી ત્યારે હાજર નહીં રહે તેમ જણાવ્યું હતું.

વધુમાં (1) ડૉ. સંધ્યાબહેન ઠાકર (પ્રાધ્યાપકશ્રી, આજીવન શિક્ષણ અને વિસ્તરણ કાર્ય)ના પ્રતિનિધિ તરીકે શ્રી રમેશભાઈ પટેલ તથા (2) ડૉ. અજયભાઈ પરીખ (ઇન્ચાર્જશ્રી, કમ્પ્યૂટર વિભાગ)ના પ્રતિનિધિ તરીકે શ્રી ધીરેનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા વિભાગ તરફથી વિભાગીય અધિકારી શ્રી હેમંત ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

કાર્ય - 1 ગઈ તા. 14/03/2013ની બેઠકની અહેવાલનોંધને બહાલી આપવી.

ઠરાવ-1 ગઈ તા. 14/03/2013ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવોનો અહેવાલ તા. 01/04/2013ના રોજ મોકલી આપવામાં આવ્યો હતો. તેમાં ઠરાવ નં.-5માં જરૂરી સુધારા કરી બહાલી આપવામાં આવી.

ઠરાવ-5 : જે તે સત્રમાં સતત ત્રણ તકના અંતે જે તે સત્રમાં નાપાસ રહેનારા વિદ્યાર્થીઓની નામ-નોંધણી રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

હવે પછી ચાર તથા છ સત્રોના અભ્યાસક્રમો માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

(1) જે વિદ્યાર્થીની નોંધણી પ્રથમ સત્રની સત્રાંત પરીક્ષા માટે થઈ હોય તે બીજા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(2) જે વિદ્યાર્થીએ પ્રથમ સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને બીજા સત્રની સત્રાંત પરીક્ષા માટે સત્ર મંજૂર કરાવ્યુ હોય તેને જ ત્રીજા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(3) જે વિદ્યાર્થીએ બીજા સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને ત્રીજા સત્રની સત્રાંત પરીક્ષા માટે સત્ર મંજૂર કરાવ્યુ હોય તેને જ ચોથા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(4) જે વિદ્યાર્થીએ ત્રીજા સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને ચોથા સત્રની સત્રાંત પરીક્ષા માટે સત્ર મંજૂર કરાવ્યુ હોય તેને જ પાંચમા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(5) જે વિદ્યાર્થીએ ચોથા સત્રના બધા જ પાઠ્યક્રમો પાસ કર્યા હોય અને પાંચમા સત્રની સત્રાંત પરીક્ષા માટે સત્ર મંજૂર કરાવ્યુ હોય તેને જ છઠ્ઠા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

ટૂંકમાં ત્રીજા સત્રના અભ્યાસ માટે પ્રથમ સત્રમાં, ચોથા સત્રના અભ્યાસ માટે બીજા સત્રમાં, પાંચમા સત્રના અભ્યાસ માટે ત્રીજા સત્રમાં અને છઠ્ઠા સત્રના અભ્યાસ માટે ચોથા સત્રમાં ઉત્તીર્ણ થવું અનિવાર્ય ગણાશે. એટલે કોઈપણ વિષયસત્રમાં એક વખત નાપાસ થયા પછી તે પછીના સત્રમાં પ્રવેશ મેળવી શકશે. જો આ સત્રમાં પણ અગાઉના સત્રના પ્રશ્નપત્રમાં પાસ ન થાય તો પછીના સત્રમાં પ્રવેશ મેળવી શકશે નહીં.

કાર્ય - 2 ગઈ તા. 14/03/2013ની બેઠકની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-1)

ઠરાવ-2 ગઈ તા. 14/03/2013ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવોની અમલવારીનોંધ તા. 04/06/2013ના રોજ મોકલી આપવામાં આવી હતી. તેની નોંધ લેવામાં આવી.

કાર્ય – 3 અનુપારંગત (એમ.ફિલ.) કક્ષાએ 'રસાયણવિજ્ઞાન' અને 'ભૌતિકશાસ્ત્ર' વિષયના અભ્યાસક્રમને ઘડવા માટે બનાવવામાં આવેલી અભ્યાસ સમિતિને વિદ્યાસભાની મંજૂરી અર્થે સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમના ઇન્ચાર્જશ્રીના તા. 29-04-2013ના પત્ર અંગે.

ઠરાવ-3 અનુપારંગત (એમ.ફિલ.) કક્ષાએ 'રસાયણવિજ્ઞાન' અને 'ભૌતિકશાસ્ત્ર' વિષયના અભ્યાસક્રમને ઘડવા માટે બનાવવામાં આવેલી નીચે દર્શાવેલી અભ્યાસ સમિતિને વિદ્યાસભામાં બહાલી આપવામાં આવી.

| ક્રમ | અનુપારંગત (M.Phil.) | સમિતિના સભ્ય | |
|---|---|---|---|
| 1. | રસાયણવિજ્ઞાન | 1. ડૉ. પ્રદીપ આચાર્ય<br>2. ડૉ. સંગીતા શર્મા<br>3. ડૉ. દીપક રાવલ | 4. ડૉ. સતીશ પરદેશી<br>5. ડૉ. મયૂર શાહ<br>6. ડૉ. હરિભાઈ પટેલ |
| 2. | ભૌતિકશાસ્ત્ર | 1. ડૉ. પ્રદીપ આચાર્ય<br>2. ડૉ. એમ. પી. દેશપાંડે<br>3. ડૉ. પી. એન. ગજ્જર | 4. ડૉ. કૌશિક પટેલ<br>5. ડૉ. હરિભાઈ પટેલ |

કાર્ય – 4 અનુપારંગત (એમ.ફિલ.) કક્ષાએ 'રસાયણવિજ્ઞાન' અને 'ભૌતિકશાસ્ત્ર' વિષયના અભ્યાસક્રમને વિદ્યાસભાની મંજૂરી અંગે. (પરિશિષ્ટ-2)

ઠરાવ-4 અનુપારંગત (એમ.ફિલ.) કક્ષાએ 'રસાયણવિજ્ઞાન' અને 'ભૌતિકશાસ્ત્ર' વિષયના અભ્યાસક્રમને વિદ્યાસભામાં બહાલી આપવામાં આવી.

કાર્ય – 5 સમાજવિદ્યા વિશારદ (**B.S.Sc.**) કક્ષાએ મુખ્ય વિષય તરીકે 'અંગ્રેજી' વિષય શરૂ કરવા મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના સંયોજકશ્રીના તા. 18-03-2013ના પત્ર અંગે.

ઠરાવ-5 સમાજવિદ્યા વિશારદ (**B.S.Sc.**) કક્ષાએ મુખ્ય વિષય તરીકે 'અંગ્રેજી' વિષય શરૂ કરવા મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના સંયોજકશ્રીના તા. 18-03-2013ના પત્રની નોંધ લેવામાં આવી.

વધુમાં 'અંગ્રેજી' વિષયના બધા જ અધ્યાપકો તથા મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરા તથા રાંધેજા કેન્દ્રના સંયોજકશ્રીઓ સાથે મળી આ વિષયના અભ્યાસક્રમનું માળખું, કાર્યની વહેંચણી વગેરે તૈયાર કરી આ અંગેનો અહેવાલ રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 6 તા. 09/05/2013ના રોજ ગેરવાજબી રીત-રસમ બાબતે મળેલી પેટાસમિતિના અહેવાલને વિદ્યાસભાની બહાલી અર્થે.

ઠરાવ-6 તા. 09/05/2013ના રોજ ગેરવાજબી રીત-રસમ બાબતે મળેલી પેટાસમિતિના અહેવાલને વિદ્યાસભાની બહાલી આપવામાં આવી.

વધુમાં દરેક મહાવિદ્યાલય / વિભાગે આવા કિસ્સાની જાણ લેખિતમાં કરવાનું તથા સજાના સ્વરૂપ, પ્રકાર અને સ્થળાંતર પ્રમાણપત્ર અંગે સૂચનો મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું અને આગામી બેઠકમાં આ સૂચનોને આધારે મુસદ્દો ઘડીને મૂકવામાં આવશે.

કાર્ય – 7 સમાજવિદ્યા વિશારદ (**B.S.Sc.**) સત્ર-6માં આવતા "સંશોધન પ્રકલ્પ" ના મૂલ્યાંકન પેટે નક્કી કરેલા પુરસ્કારને બહાલી આપવા અંગે.

ઠરાવ-7 સમાજવિદ્યા વિશારદ (**B.S.Sc.**) સત્ર-6માં આવતા "તાલીમ પ્રકલ્પ અહેવાલ" ના મૂલ્યાંકન પેટે લેખિત અહેવાલના મૂલ્યાંકન માટે રૂ. 75/- અને અહેવાલના મૌખિક મૂલ્યાંકન માટે રૂ. 25 એમ કુલ રૂ. 100 નક્કી કરેલા પુરસ્કારને બહાલી આપવામાં આવી.

"સંશોધન પ્રકલ્પ"ના બદલે **"તાલીમ પ્રકલ્પ અહેવાલ"** એવા શબ્દનો પ્રયોગ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 8 યુ.જી.સી. અધિનિયમ-2009 સિવાય સીધા પ્રવેશ માટેના નિયમોને બહાલી આપવા અંગે.

ઠરાવ-8 યુ.જી.સી. અધિનિયમ-2009 સિવાય વિદ્યાવાચસ્પતિ કક્ષાએ સીધો પ્રવેશ આપવા અંગેની કુલનાયકશ્રીની સત્તા અંગેના પ્રાવધાનને તપાસવા, મંડળ દ્વારા આવા અભ્યાસ માટે અલગ નામકરણની દરખાસ્તની શક્યતા તપાસવી તથા આ માટેના નિયમોને સરળ બનાવી ફરીથી રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 9 યુ.જી.સી. અધિનિયમ-2009 પ્રમાણે પ્રવેશ લેનારા વિદ્યાપીઠ સિવાયના વિદ્યાર્થીઓ માટે કાંતણ કસોટી દાખલ કરવા આદરણીય કુલસચિવશ્રીના સૂચન બાબતે.

ઠરાવ-9 યુ.જી.સી. અધિનિયમ-2009 પ્રમાણે M.Phil. / Ph.D.માં પ્રવેશ લેનારા વિદ્યાપીઠ સિવાયના વિદ્યાર્થીઓ માટે કાંતણ કસોટી દાખલ કરવા આદરણીય કુલસચિવશ્રીના સૂચનને સ્વીકારવામાં આવ્યું.

વધુમાં અગાઉ યુ.જી.સી. અધિનિયમ-2009 અંગેના ઘડવામાં આવેલા નિયમોમાં યુ.જી.સી. અધિનિયમ સમિતિ જરૂરી ફેરફાર કરી ફરીથી વિદ્યાસભામાં રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 10 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'વસતિ શિક્ષણ' વિષયમાં મનીષભાઈ ભોઈના રદ કરેલા પ્રવેશ બાદ તે ફરીથી પ્રવેશ પરીક્ષા પાસ કરીને પ્રવેશ મેળવે ત્યારે સંશોધન રૂપરેખા રજૂ કરવા તથા અગાઉ પાસ કરેલી અભ્યાસકાર્યની પરીક્ષા માન્ય રાખવી કે કેમ તે અંગે.

ઠરાવ-10 મનીષભાઈ ભોઈના કિસ્સામાં આદરણીય કુલનાયકશ્રી તપાસ કરીને યોગ્ય નિર્ણય લે અને આવા કિસ્સાઓ માટે અગાઉ યુ.જી.સી. અધિનિયમ-2009 અંગે ઘડવામાં આવેલા નિયમોમાં જરૂરી સુધારા વધારા કરવાનું ઠરાવવામાં આવ્યું. (ઉપરોક્ત ઠરાવ-9 મુજબ અધિનિયમ સમિતિ આ કાર્ય અંગે કાર્યવાહી કરશે.)

કાર્ય – 11 આદરણીય કુલનાયકશ્રીએ આગામી વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ કાઓરી કુરીહારાને વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'ગાંધીવિચાર' વિષયમાં આગળ અભ્યાસ માટે આપેલી મંજૂરીની નોંધ લેવા અંગે.

ઠરાવ-11 આદરણીય કુલનાયકશ્રીએ આગામી વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ કાઓરી કુરીહારાને વિદ્યાવાચસ્પતિ કક્ષાએ 'ગાંધીવિચાર' વિષયમાં આગળ અભ્યાસ માટે આપેલી મંજૂરીની નોંધ લેવામાં આવી.

કાર્ય – 12 નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમની સામે દર્શાવેલા વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પાંચમા વર્ષ માટે આપેલી મુદ્દત વધારાની મંજૂરીની નોંધ લેવા અંગે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય | મહાવિદ્યાલય | નામ-નોંધણી તારીખ |
|---|---|---|---|---|
| 1. | જયેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ | શિક્ષણશાસ્ત્ર | શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ. | 02/04/2009 |
| 2. | અશોકભાઈ વિઠ્ઠલદાસ પ્રજાપતિ | શિક્ષણશાસ્ત્ર | | 11/04/2009 |
| 3. | રૂચિતા દીપકભાઈ શાહ | કમ્પ્યૂટર વિજ્ઞાન | મ. દે. સમા. મહા., અમ. | 10/01/2009 |

ઠરાવ-12 ઉપરોક્ત વિદ્યાર્થીઓને તેમની સામે દર્શાવેલા વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પાંચમા વર્ષ માટે આપેલી મુદ્દત વધારાની મંજૂરીની નોંધ લેવામાં આવી.

કાર્ય – 13 અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ કક્ષાએ માર્ગદર્શક તરીકેની માન્યતાનાં ધોરણો સંદર્ભે સમિતિના અહેવાલ અંગે. (પરિશિષ્ટ-5)

ઠરાવ-13 અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ કક્ષાએ માર્ગદર્શક તરીકે સ્નાતક કક્ષાએ અધ્યાપન કાર્ય કરતા અધ્યાપકશ્રીઓને તક આપવા તથા તે માટે માર્ગદર્શક તરીકેની માન્યતાનાં ધોરણોમાં જરૂરી સુધારા વધારા કરી ફરીથી અહેવાલ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 14 નીચે દર્શાવેલા સેવકશ્રીઓને વિદ્યાવાચસ્પતિ (Ph.D.) / અનુપારંગત (M.Phil.) કક્ષાએ ગૂજરાત વિદ્યાપીઠ તથા અન્ય વિશ્વવિદ્યાલયમાં જે તે વિષયમાં માર્ગદર્શક તરીકેની આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

| ક્રમ | સેવકનું નામ | વિષય | કક્ષા | વિશ્વવિદ્યાલય |
|---|---|---|---|---|
| 1. | ડૉ. અશોકભાઈ મં. પટેલ<br>(મ. પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ,<br>મ. દે. સ. મહા., ગૂ. વિ.) | ગુજરાતી | અનુપારંગત | ગૂજરાત વિદ્યાપીઠ,<br>અમદાવાદ |
| 2. | શ્રી નરેશભાઈ ચૌહાણ<br>(મ. પ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ,<br>મ. દે. સ. મહા., ગૂ. વિ.) | અર્થશાસ્ત્ર | અનુપારંગત | ગૂજરાત વિદ્યાપીઠ,<br>અમદાવાદ |
| 3. | ડૉ. યોગેશકુમાર ન. વાંસિયા<br>(મ. પ્રાધ્યાપક, મ.દે.ગ્રા.મહા., સાદરા) | અર્થશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ | ગૂજરાત વિદ્યાપીઠ,<br>અમદાવાદ |
| 4. | ડૉ. મયૂરકુમાર ચં. શાહ<br>(મ. પ્રાધ્યાપક, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન<br>વિભાગ, સાદરા) | રસાયણવિજ્ઞાન | વિદ્યાવાચસ્પતિ | ગૂજરાત વિદ્યાપીઠ,<br>અમદાવાદ |
| 5. | ડૉ. કૌશિકકુમાર રૂ. પટેલ<br>(મ. પ્રાધ્યાપક, સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન<br>વિભાગ, સાદરા) | ભૌતિકશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ | શ્રી જે. જે. ટીબ્રેવાલા<br>વિશ્વવિદ્યાલય, મુંબઈ |

ઠરાવ-14 ઉપરોક્ત સેવકશ્રીઓને વિદ્યાવાચસ્પતિ (Ph.D.) / અનુપારંગત (M.Phil.) કક્ષાએ ગૂજરાત વિદ્યાપીઠ તથા અન્ય વિશ્વવિદ્યાલયમાં જે તે વિષયમાં માર્ગદર્શક તરીકેની આપેલી મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય – 15 સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત ખાતે પ્રાધ્યાપક તરીકે સેવા આપતા ડૉ. કિરણ દેસાઈ અને ડૉ. અર્જુન પટેલની વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "સમાજશાસ્ત્ર" વિષયમાં, અને ડૉ. સત્યકામ જોષીને "સમાજશાસ્ત્ર અને આદિવાસી" વિષયમાં માર્ગદર્શક તરીકે માન્યતા મેળવવા બાબતની અરજી અંગે.

ઠરાવ-15 સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત ખાતે ફરજ બજાવતા ડૉ. કિરણ દેસાઈને 'સમાજશાસ્ત્ર' વિષયમાં, ડૉ. સત્યકામ જોષીને 'સમાજશાસ્ત્ર તથા આદિવાસી' વિષયમાં અને ડૉ. અર્જુન પટેલને 'સમાજશાસ્ત્ર' વિષયમાં ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે વિદ્યાવાચસ્પતિ કક્ષાએ માર્ગદર્શક તરીકે માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 16 ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકોની સંસ્થાગત રજા અંગેની માહિતી બાબતે.

ઠરાવ-16 ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકોની સંસ્થાગત રજા અંગેના નિયમો યથાવત રહેશે.
વધુમાં દરેક મહાવિદ્યાલય / વિભાગના આચાર્ય / સંયોજકશ્રી / વિભાગીય અધ્યક્ષશ્રી કઈ કઈ રજાઓને સંસ્થાગત તરીકે ગણવી તે અંગેનાં સૂચનો મોકલી આપે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 17 વિશારદ તથા પારંગત કક્ષાએ ક્રેડિટ આધારિત સત્ર પદ્ધતિમાં રાષ્ટ્રીય સેવા યોજનાને સહઅભ્યાસક પ્રવૃત્તિ તરીકે સ્થાન આપવા તથા પ્રવેશ માટે તેનો ભારાંક ગણવા યુ.જી.સી.ના પત્ર અંગે.

ઠરાવ-17 વિશારદ તથા પારંગત કક્ષાએ ક્રેડિટ આધારિત સત્ર પદ્ધતિમાં રાષ્ટ્રીય સેવા યોજનાને સહઅભ્યાસક પ્રવૃત્તિ તરીકે સ્થાન આપવા તથા પ્રવેશ માટે તેનો ભારાંક ગણવા યુ.જી.સી.ના પત્રની નોંધ લેવામાં આવી. ભારાંક ગણવા બાબતે હવે પછી મળનારી વિદ્યાસભામાં નિર્ણય અર્થે આ કાર્યને રજૂ કરવાનું રહેશે.

કાર્ય – 18 સત્રાંત પરીક્ષા માટે કરવામાં આવતી તકેદારી સમિતિની વ્યવસ્થા અંગે પુનઃવિચારણા કરવાની પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

ઠરાવ-18 સત્રાંત પરીક્ષા માટે કરવામાં આવતી તકેદારી સમિતિની વ્યવસ્થા જરૂરી ન જણાતા રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 19 પરીક્ષા વિભાગમાં વિભાગીય અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી હેમંતભાઈ ભાવસારને પારંગત કક્ષાએ 'સમાજશાસ્ત્ર' વિષયમાં બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરવા આદરણીય કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા બાબતે.

ઠરાવ-19 પરીક્ષા વિભાગમાં વિભાગીય અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી હેમંતભાઈ ભાવસારને પારંગત કક્ષાએ 'સમાજશાસ્ત્ર' વિષયમાં બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરવા આદરણીય કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવામાં આવી.

કાર્ય – 20 આદરણીય કુલનાયકશ્રીની સૂચનાથી 'પારંગત માનવ સંસાધન સંચાલન' ની પદવીની સ્પષ્ટતા બાબતે.

ઠરાવ-20 આદરણીય કુલનાયકશ્રીની સૂચનાથી 'પારંગત માનવ સંસાધન સંચાલન'ની પદવીની સ્પષ્ટતા કરવામાં આવી. હાલ ચાલતા અભ્યાસના નામકરણમાં ફેરફાર કરી તેનું નામ "પારંગત (વિષય : માનવ સંસાધન વિકાસ અને સંચાલન) Master of Arts (M.A.) : (Subject : Human Resource Development and Management) એમ રાખવાનું ઠરાવવામાં આવ્યું. આ ઠરાવનો અમલ જૂન-2013થી પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓથી કરવાનો રહેશે.

અભ્યાસ સમિતિની બેઠક બોલાવીને અધ્યાપકના માનવ સંસાધન વિકાસ અને સંચાલન વિષયના જુદા જુદા ક્ષેત્રને અનુલક્ષીને જ વિદ્યાર્થીઓ પાસે શોધપ્રકલ્પ કરાવે તેમ ઠરાવવામાં આવ્યું. તે માટે વિષય સામે અધ્યાપકના નામ નક્કી કરીને પરીક્ષા વિભાગને મોકલી આપવાના રહેશે.

કાર્ય – 21 નીચેના અભ્યાસક્રમોમાં કરવામાં આવેલા સુધારાને બહાલી આપવા અભ્યાસક્રમ વિકાસ એકમના સંયોજકશ્રીની દરખાસ્ત અંગે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | વિષય | સત્ર | નોંધ |
|---|---|---|---|---|
| 1. | સમાજવિદ્યા વિશારદ | અંગ્રેજી (CC-201, 301, 401) | 2, 3, 4 | વર્ષ 2013-14થી અમલમાં |
| 2. | સમાજવિદ્યા વિશારદ | અર્થશાસ્ત્ર | 1 થી 6 | વર્ષ 2013-14થી સત્ર-1 થી 6 માટે અમલમાં પરંતુ માત્ર સત્ર-5માં વર્ષ 2013-14 પૂરતું પ્રશ્નપત્ર નં. MJRECO-501 અલગ રહેશે. પછીના વર્ષે સત્ર-5 માટે સુધારેલ અભ્યાસક્રમ ઉપરાંત પરીક્ષાના માળખામાં ફેરફાર અંગે. |
| 3. | પારંગત | અર્થશાસ્ત્ર | સત્ર-3 | 'ગ્રામઅર્થશાસ્ત્રના સિદ્ધાંતો' પાઠ્યક્રમના અભ્યાસક્રમમાં ફેરફાર બાબતે. |
| 4. | એમ.સી.એ. | કમ્પ્યૂટર વિજ્ઞાન | સત્ર-1 (MCA-104)<br>સત્ર-3 (MCA-301)<br>સત્ર-4 (MCA-402)<br>સત્ર-4 (MCA-404)<br>સત્ર-5 (MCA-502) | વર્ષ 2013-14થી અમલ કરવો |

ઠરાવ-21 ઉપરોક્ત અભ્યાસક્રમોમાં કરવામાં આવેલા સુધારાને બહાલી આપવામાં આવી.

કાર્ય – 22 સમાજવિદ્યા વિશારદમાં ‘સમાજશાસ્ત્ર’ મુખ્ય વિષય સાથે પ્રથમ આવનારા વિદ્યાર્થીને “પ્રો. રાસબિહારી લાલ” સુવર્ણચંદ્રક માટે શ્રી વિનીત લાલ તરફથી મળેલા દાન અંગે.

ઠરાવ-22 સમાજવિદ્યા વિશારદમાં ‘સમાજશાસ્ત્ર’ મુખ્ય વિષય સાથે પ્રથમ આવનારા વિદ્યાર્થીને “પ્રો. રાસબિહારી લાલ” સુવર્ણચંદ્રક માટે શ્રી વિનીત લાલ તરફથી મળેલા દાનની વિદ્યાસભાના સૌ સભ્યો દ્વારા સહર્ષ નોંધ લેવામાં આવી. આ સુવર્ણચંદ્રક વર્ષ-2013માં યોજનારા પદવીદાન સમારંભથી આપવાનો રહેશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 23 અનુસ્નાતક ડિપ્લોમા ઇન કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ **(P.G.D.C.H.N.)** તથા કમ્પ્યૂટર વિનિયોગ અનુસ્નાતક ડિપ્લોમા **(P.G.D.C.A.)**ના એક વર્ષના અભ્યાસક્રમ માટે છાત્રાલય નિવાસ મરજિયાત કરવા જે તે વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રીની દરખાસ્ત બાબતે.

ઠરાવ-23 અનુસ્નાતક ડિપ્લોમા ઇન કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ **(P.G.D.C.H.N.)** તથા કમ્પ્યૂટર વિનિયોગ અનુસ્નાતક ડિપ્લોમા **(P.G.D.C.A.)**ના એક વર્ષના અભ્યાસક્રમ સહિત બધા અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો માટે છાત્રાલય નિવાસ મરજિયાત રાખવાનું ઠરાવવામાં આવ્યું. આ ઠરાવનો અમલ જૂન-2013 અને તે પછી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓથી કરવાનો રહેશે.

કાર્ય – 24 ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા ખાતે ફરજ બજાવતા મદદનીશ પ્રાધ્યાપક ડૉ. મયુરી ફાર્મરને ‘વાણિજ્ય સંચાલન (કોમર્સ મેનેજમેન્ટ)’ વિષયમાં પેસિફિક યુનિવર્સિટી, ઉદયપુર ખાતે વિદ્યાવાચસ્પતિ કક્ષાએ માર્ગદર્શક તરીકે માન્યતા માટે તેમની તા. 1/6/2013ની અરજી અંગે.

ઠરાવ-24 ડૉ. મયુરી ફાર્મરને ‘વાણિજ્ય સંચાલન (કોમર્સ મેનેજમેન્ટ)’ વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પેસિફિક યુનિવર્સિટી, ઉદયપુરમાં માર્ગદર્શક તરીકેની મંજૂરી જે તે વિદ્યાર્થી અને જે તે વર્ષ પૂરતી જ આપવાનું ઠરાવવામાં આવ્યું.

**અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.**

તા. 18/06/2013

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ